તંત્રની ઘોર બેદરકારી સામે જનતાનો પ્રચંડ રોષ

વડોદરાના ગોત્રી તળાવમાં અસંખ્ય માછલીઓના મોતથી ચકચાર મચી

સુંદર તળાવ બન્યું જળચર જીવોનું કબરસ્તાન, સ્થાનિકોએ ચૂંટાયેલા પ્રતિનિધિઓ સામે ઠાલવ્યો આક્રોશ

(પ્રતિનિધિ) વડોદરા, તા.3

સંસ્કારી નગરી વડોદરાના પશ્ચિમ વિસ્તારમાં આવેલા ઐતિહાસિક અને જાણીતા ગોત્રી તળાવમાંથી એક અત્યંત આઘાતજનક અને ચિંતાજનક ઘટના સામે આવી છે. ગોત્રી તળાવમાં અચાનક જ અસંખ્ય માછલીઓ મૃત હાલતમાં મળી આવતાં સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે. તળાવના કિનારે અને પાણીની સપાટી પર ચારેય તરફ મોટી સંખ્યામાં માછલીઓના મૃતદેહો તરતા જોવા મળ્યા છે, જેના કારણે સ્થાનિક રહીશો અને પર્યાવરણપ્રેમીઓમાં વડોદરા મહાનગરપાલિકાના વહીવટી તંત્ર સામે પ્રચંડ રોષ ફાટી નીકળ્યો છે. આ સામૂહિક મોતના પગલે સમગ્ર વિસ્તારમાં ભારે દુર્ગંધ ફેલાઈ રહી છે, જેનાથી સ્થાનિકોના સ્વાસ્થ્ય સામે પણ મોટો ખતરો ઊભો થયો છે. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, છેલ્લા લાંબા સમયથી ગોત્રી તળાવની યોગ્ય સફાઈ કરવામાં આવી નથી. તળાવના પાણીની ગુણવત્તાની જાળવણી કે તેમાં રહેતા જળચર જીવોના સંરક્ષણ માટે પાલિકા દ્વારા કોઈ જ નક્કર કામગીરી કરવામાં આવી નથી. તળાવની આ બદતર દુર્દશા અને નિર્દોષ માછલીઓના સામૂહિક મોત પાછળ વડોદરા મહાનગરપાલિકાની ઘોર બેદરકારી સ્પષ્ટપણે જવાબદાર હોવાનું સામે આવ્યું છે.

રૂપિયા ૩,૫૦૦ની ઉઘરાણી લોહીયાળ બની

વડોદરામાં યુવક પર મિત્રના સાગરીતોનો ઘાતકી ચાકુ હુમલો!

(પ્રતિનિધિ) વડોદરા, તા.3

શહેરના માંજલપુર વડસર બ્રિજ પાસે આવેલી શિવદાસ સોસાયટીમાં રહેતા અને સુથારી કામ કરતા રણજીત સુરેશભાઈ ભારદ્વાજ નામના યુવક પર ઉછીના આપેલા નાણાંની ઉઘરાણી કરવા બાબતે ચાકુ વડે હુમલો થતાં ચકચાર મચી ગઈ છે.

આ ઘટના અંગે ભોગ બનનાર યુવકે અટલાદરા પોલીસ સ્ટેશનમાં બે શખ્સો વિરુદ્ધ નામજોગ ફરિયાદ નોંધાવી છે. પોલીસ ફરિયાદની વિગતો અનુસાર, રણજીત ભારદ્વાજે આશરે દોઢ મહિના અગાઉ તેના મિત્ર બબલુ ભારદ્વાજ (રહે. ગોકુળ નગર)ને મિત્રતાના દાવે ૩,૫૦૦ ઉછીના આપ્યા હતા. જેમાંથી બબલુએ બે દિવસ પહેલાં ઓનલાઈન ૧,૦૦૦ ચૂકવ્યા હતા અને બાકીના નાણાં ગઈકાલે આપવાનો વાયદો કર્યો હતો.

ગઈકાલે બપોરે રણજીત જ્યારે પોતાની બહેનના ઘરેથી બાઈક લઈને પરત ફરી રહ્યો હતો, ત્યારે રસ્તામાં અનિલ ઉર્ફે અન્ના નામના શખ્સે તેને રોકી લીધો હતો. અનિલે રણજીતને બેફામ ગાળો આપી ધમકી આપી હતી કે, 'હવે પછી બબલુ પાસે રૂપિયા માંગતો નહીં, નહીંતર તને મારી નાખીશું.' આ દરમિયાન અનિલનો સાગરીત કલ્પેશ પણ ત્યાં ધસી આવ્યો હતો અને તેણે રણજીતને પકડી રાખ્યો હતો. હુમલો કર્યા બાદ બંને આરોપીઓ 'જો પોલીસ કેસ કરીશ તો જાનથી મારી નાખીશું' તેવી ધમકી આપી ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા.

સ્માર્ટ સિટી વડોદરામાં ટ્રાફિક નિયમન માટે મ્યુનિસિપલ કમિશનરની કડક નિર્ણય

શહેરમાં આડેધડ પાર્કિંગ રોકવા લોખંડી બોલાર્ડ્સ નંખાશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.3

વડોદરા શહેરમાં રાહદારીઓ માટે બનાવવામાં આવેલા ફૂટપાથ પર આડેધડ અને ગેરકાયદેસર રીતે થતા વાહન પાર્કિંગની સમસ્યાનો કાયમી નિકાલ લાવવા માટે વડોદરા મહાનગરપાલિકા દ્વારા હવે કડક વલણ અપનાવવામાં આવ્યું છે. પાલિકા કમિશનર અરુણ મહેશ બાબુની અધ્યક્ષતામાં યોજાયેલી ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠકમાં શહેરના ટ્રાફિક અને પાર્કિંગની સમસ્યાને હલ કરવા માટે કેટલાક મહત્વપૂર્ણ અને કડક નિર્ણયો લેવામાં આવ્યા છે, જેના કારણે આગામી દિવસોમાં નિયમોનું ઉલ્લંઘન કરનારા વાહનચાલકો સામે પાલિકા લાલઆંખ કરશે. બેઠકમાં લેવાયેલા મુખ્ય નિર્ણય મુજબ, શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલા ફૂટપાથ પર વાહનો ચઢી ન જાય અને રાહદારીઓ નિર્ભયતાથી ચાલી શકે તે માટે ખાસ 'નિયંત્રણ બોલાર્ડ્સ' (લોખંડ કે સિમેન્ટના મજબૂત થાંભલા) લગાડવામાં આવશે. આ બોલાર્ડ્સ લાગ્યા બાદ ફૂટપાથ પર કોઈ પણ પ્રકારનું વાહન પાર્ક કરવું કે ત્યાંથી વાહન પસાર કરવું અશક્ય બની જશે. આ ઉપરાંત, જાહેર માર્ગો પર ટ્રાફિકને નડતરરૂપ થતા વાહનોને તાત્કાલિક હટાવવા માટે ટોઈંગ વાહનોની સંખ્યા અને તેમની કામગીરી વધુ વેગવંતી બનાવવામાં આવશે.

ફોર્મ PAS-1

[કંપનીઝ (પ્રોસ્પેક્ટસ એન્ડ એલોટમેન્ટ ઓફ સિક્યોરિટીઝ) રૂલ્સ, ૨૦૧૪ના નિયમ ૭(૨) અને કલમ ૨૭(૧) અનુસાર]

જે હેતુઓ માટે પ્રોસ્પેક્ટસ બહાર પાડવામાં આવ્યું હતું તેમાં ફેરફાર કરવા માટેના ખાસ ઠરાવની નોટિસની વિગતો આપતી જાહેરાત

કોર્પોરેટ આઈડેન્ટિફિકેશન નંબર (CIN)	:	L85300GJ2019PLC111559
કંપનીનું નામ	:	ગુજરાત કિડની એન્ડ સુપરસ્પેશિયાલિટી લિમિટેડ
રજિસ્ટર્ડ ઓફિસનું સરનામું	:	પ્લોટ નં. ૧, સિટી સર્વે નં. ૧૫૩૭/એ, ગોકાક મિલ કમ્પાઉન્ડ, જેતલપુર રોડ, અલકાપુરી, વડોદરા - ૩૯૦૦૨૦, ગુજરાત, ભારત.

જાહેર નોટિસ

આથી નોટિસ આપવામાં આવે છે કે ૨૮ મે, ૨૦૨૬ના રોજ મંજૂર કરાયેલ ઠરાવ દ્વારા બોર્ડે ૨૪ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ બહાર પાડેલા પ્રોસ્પેક્ટસના હેતુ(ઓ)માં ફેરફાર કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. આ પ્રોસ્પેક્ટસ રૂ. ૨ના ફેસ વેલ્યુ ધરાવતા ૨,૨૦,૦૦,૦૦૦ ઈક્વિટી શેર્સને રૂ. ૧૧૪ પ્રતિ ઈક્વિટી શેરના ભાવે ઈશ્યુ કરવા માટે બહાર પાડવામાં આવ્યું હતું, જે કુલ રૂ. ૨૫,૦૮૦.૦૦ લાખ થાય છે. આમાં ઈશ્યુના હેતુમાં ફેરફાર અને IPOની ઉપજ (proceeds)ના ઉપયોગનો સમાવેશ થાય છે, જેને સભ્યો દ્વારા ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ના ખાસ ઠરાવ દ્વારા અને ફરીથી ૨૫ એપ્રિલ, ૨૦૨૬ના રોજ પૂર્ણ થયેલ પોસ્ટલ બેલેટ દ્વારા યોગ્ય રીતે મંજૂર કરવામાં આવ્યો હતો.

ઉક્ત ઠરાવના અનુસંધાનમાં નોટિસ આપવામાં આવે છે કે પ્રસ્તાવિત ફેરફારની વધુ મંજૂરી માટે, શેરધારકો દ્વારા ૪ જૂન, ૨૦૨૬ના રોજની પોસ્ટલ બેલેટ નોટિસ દ્વારા એક ખાસ ઠરાવ પસાર કરવાનો રહેશે.

આવા ફેરફાર/બદલાવ અંગેની વિગતો નીચે મુજબ છે-

૧. ઇનિશિયલ પબ્લિક ઓફરિંગ ("IPO") ની ઉપજના ઉપયોગના હેતુઓ / શરતોમાં ફેરફાર.

ઇનિશિયલ પબ્લિક ઓફરિંગ ("IPO")ની ઉપજના ઉપયોગના હેતુઓ/શરતોમાં ફેરફારની વિચારણા અને મંજૂરી કરવા બાબત. પ્રથમ ફેરફાર પછી, નીચે મુજબના હેતુઓ, આજ સુધી ઉપયોગમાં લેવાયેલી ઈશ્યુની ઉપજ અને ઉપયોગ માટે ઉપલબ્ધ બાકી રકમ છે -

(રકમ રૂ. કરોડમાં)

અ. નં.	પ્રોસ્પેક્ટસમાં દર્શાવ્યા મુજબના IPOના હેતુઓ (પ્રથમ ફેરફાર દ્વારા સુધારેલ)	૨૫/૦૪/૨૬ના રોજની ફેરફાર/ IPO મુજબ પ્રસ્તાવિત ભંડોળનો ઉપયોગ	૨૯/૦૫/૨૬ સુધીમાં કંપની દ્વારા વાસ્તવિક રીતે ઉપયોગમાં લેવાયેલ રકમ	ઉપયોગ માટે ઉપલબ્ધ બાકી રકમ
1	અમદાવાદ ખાતે પારેખ્સ હોસ્પિટલના પ્રસ્તાવિત સંપાદન માટે	77.00	77.00	-----
2	અગાઉથી હસ્તગત કરાયેલ "અશ્વિની મેડિકલ સેન્ટર" માટે ખરીદી અવેજની આંશિક ચુકવણી	12.40	12.40	-----
3	ભરૂચમાં આવેલી અમારી પેટાકંપની એટલે કે "હાર્મની મેડિકેર પ્રાઇવેટ લિમિટેડ" માં વધારાના શેરહોલ્ડિંગનું સંપાદન	10.78	10.78	-----
4	કંપનીના મુખ્ય IPO હેતુ સાથે સંલગ્ન હેલ્થકેર વિસ્તરણ, જેમાં નવી સ્થાપિત પ્રાઇવેટ કંપની દ્વારા ભરૂચમાં મલ્ટી-સ્પેશિયાલિટી હોસ્પિટલ પ્રોજેક્ટનો વિકાસ અને સંચાલન સામેલ છે	25.14	-----	25.14
5	લોર્ડ્સ માર્ક ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ સાથે સહયોગ કરીને ડાયાલિસિસ મશીન અને ડિજિટલ પેશન્ટ મોનિટરિંગ સોલ્યુશનની ગોઠવણી દ્વારા ડાયાલિસિસ સેવાઓ શરૂ કરવી અને તેનું સંચાલન કરવું	6.825	6.825	-----
6	અમારી કંપની દ્વારા લેવામાં આવેલી અમુક બાકી સુરક્ષિત લોનની સંપૂર્ણ અથવા આંશિક ચુકવણી અને/અથવા અગાઉથી ચુકવણી	12.00	12.00	-----
7	અજ્ઞાત સંપાદનો અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ દ્વારા ઇનઓર્ગેનિક વૃદ્ધિ માટે ભંડોળ પૂરું પાડવું	12.62	-----	12.62

રૂ. ૩૭.૭૬ કરોડની બિન-ઉપયોગીત IPO ઉપજ માટે, તેને નીચે મુજબ અન્ય હેતુમાં વાપરવા અને ટ્રાન્સફર કરવાનો ઈરાદો છે-

અ. નં.	પ્રોસ્પેક્ટસમાં દર્શાવ્યા મુજબના IPO ના હેતુઓ (પ્રથમ ફેરફાર દ્વારા સુધારેલ)	૨૫/૦૪/૨૬ ના ફેરફાર પછી બાકી રહેલી ઉપજ	૨૯/૦૫/૨૬ સુધીમાં કંપની દ્વારા વાસ્તવિક રીતે ઉપયોગમાં લેવાયેલ રકમ	પ્રસ્તાવિત ઉપયોગ	ઉપયોગ માટે ઉપલબ્ધ બાકી રકમ
4	કંપનીના મુખ્ય IPO હેતુ સાથે સંલગ્ન હેલ્થકેર વિસ્તરણ, જેમાં નવી સ્થાપિત પ્રાઇવેટ કંપની દ્વારા ભરૂચમાં મલ્ટી-સ્પેશિયાલિટી હોસ્પિટલ પ્રોજેક્ટનો વિકાસ અને સંચાલન સામેલ છે	25.14	-----	-----	25.14
	આ હેતુને નીચેના હેતુ સાથે બદલવામાં આવશે:				
4	કંપનીના મુખ્ય IPO હેતુ સાથે સંલગ્ન હેલ્થકેર વિસ્તરણ, જેમાં પેટાકંપની અને પેરન્ટ (મુખ્ય) કંપનીમાં નવી માળખાકીય સુવિધાઓનો વિકાસ, આધુનિક સાધનો અને વધુ સુવિધાઓ ઉમેરવાનો સમાવેશ થાય છે	25.14	-----	6.12	19.02
	ઉપરોક્ત હેતુમાંથી બાકી રહેલી રકમ નીચેના હેતુમાં ટ્રાન્સફર કરવામાં આવશે:				
7	અજ્ઞાત સંપાદનો અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ દ્વારા ઇનઓર્ગેનિક વૃદ્ધિ માટે ભંડોળ પૂરું પાડવું	12.62 + 19.02	-----	----	31.64

૨. પ્રસ્તાવિત ફેરફારની વિગતો:

i. કંપનીના મુખ્ય IPO હેતુ સાથે સંલગ્ન હેલ્થકેર વિસ્તરણ, જેમાં પેટાકંપની અને પેરન્ટ કંપનીમાં નવી માળખાકીય સુવિધાઓનો વિકાસ, આધુનિક સાધનો અને વધુ સુવિધાઓ ઉમેરવાનો સમાવેશ થાય છે - ફાળવેલ રૂ. ૩૦.૧૦ કરોડના ભંડોળમાંથી, કુલ રૂ. ૬.૧૨ કરોડનો ઉપયોગ કરવામાં આવશે અને બાકીના રૂ. ૧૯.૦૨ કરોડ "અજ્ઞાત સંપાદનો અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ દ્વારા ઇનઓર્ગેનિક વૃદ્ધિ માટે ભંડોળ પૂરું પાડવું"ના અન્ય હેતુમાં ટ્રાન્સફર કરવા માટે પ્રસ્તાવિત છે.

ii. ઉપરોક્ત પ્રસ્તાવિત ફેરફારોને કારણે "અજ્ઞાત સંપાદનો અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ દ્વારા ઇનઓર્ગેનિક વૃદ્ધિ માટે ભંડોળ પૂરું પાડવું"ના હેતુ હેઠળ ઉપલબ્ધ કુલ ભંડોળ રૂ. ૧૯.૦૨ કરોડથી વધીને રૂ. ૩૧.૬૪ કરોડ થશે.

૩. ફેરફાર માટેના કારણો/ઔચિત્ય (Justification):

૨૫.૦૪.૨૬ના રોજ શેરધારકો દ્વારા મંજૂર કરાયેલ પ્રથમ પ્રસ્તાવિત ફેરફાર ભરૂચમાં સંપૂર્ણ માલિકીની પેટાકંપની શરૂ કરવા અને મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલનું નિર્માણ કરવા અંગેનો હતો.

જોકે, કંપનીને સમજાયું કે ભરૂચમાં તેની પાસે પહેલેથી જ ૨ પેટાકંપનીઓ છે. નવી કંપનીની સ્થાપનાથી પ્રયત્નો અને રોકાણનું પુનરાવર્તન થશે. આ ઉપરાંત, સ્થાનિક સ્ટાફની પણ જરૂર પડશે, કંપનીની ગુડવિલ અને બ્રાન્ડિંગ બનાવવામાં સમય લાગશે અને તેથી રોકાણ પર વળતર લાંબા સમય પછી શરૂ થશે.

તેના બદલે, કંપની ઉપરોક્ત સમસ્યાઓ નિવારવા માટે ભરૂચમાં તેની એક પેટાકંપની એટલે કે 'રાજ પામલેન્ડ હોસ્પિટલ પ્રાઇવેટ લિમિટેડ'ની વર્તમાન માળખાકીય સુવિધાઓ વધારવા અને રોકાણ કરવા તેમજ વડોદરા ખાતે તેની પેરન્ટ કંપની એટલે કે - 'ગુજરાત કિડની સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ'માં IVF સુવિધા વિકસાવવાનો પ્રસ્તાવ મૂકે છે. કંપની ભરૂચમાં ભાડા પટ્ટે નવા અને મોટા પરિસરની શોધ કરશે. આ પ્રસ્તાવ સાધનોના પુનરાવર્તનને ટાળીને રોકાણના ખર્ચમાં પણ બચત કરશે.

આ હેડ હેઠળ બચેલા ભંડોળને અન્ય હેડ - "અજ્ઞાત સંપાદનો અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ દ્વારા ઇનઓર્ગેનિક વૃદ્ધિ માટે ભંડોળ પૂરું પાડવું"માં ટ્રાન્સફર કરવા માટે પ્રસ્તાવિત છે.

જાન્યુઆરી ૨૦૨૬ના મહિનામાં કંપનીએ વડોદરામાં વુમન્સ હોસ્પિટલના નિર્માણ માટે (જેમ કે મૂળ પ્રોસ્પેક્ટસમાં પ્રસ્તાવિત હતું) મેસર્સ અક્ષર આર્યાને એડવાન્સ તરીકે રૂ. ૪.૯૫ કરોડ ચૂકવ્યા હતા. કંપનીએ શેરધારકોની મંજૂરી મળ્યા બાદ આ વેન્ડર સાથે ભરૂચ ખાતે તે જ કામગીરી આગળ ધપાવવા માટે વ્યવસ્થા કરી છે.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સને વેન્ડર્સ અને રોકાણની શરતો નક્કી કરવા અને તમામ જરૂરી કરારો કરવા માટે સત્તા આપવામાં આવશે.

૪. કંપનીની નાણાકીય સ્થિતિ પર પ્રસ્તાવિત ફેરફાર/બદલાવની અસર

પ્રસ્તાવિત ફેરફાર ભંડોળના શ્રેષ્ઠ ઉપયોગ અને IPOની ઉપજના બિન-ઉપયોગી ભાગની પુનઃ ફાળવણી માટે વ્યવસાયિક વ્યૂહરચનાને ફરીથી ગોઠવવા સાથે સંબંધિત છે. આ પ્રસ્તાવોમાં કોઈ વધારાના ભંડોળ એકત્ર કરવાનો સમાવેશ થતો નથી.

પ્રસ્તાવિત ફેરફારના પરિણામે સંસાધનોનું પુનરાવર્તન ટળશે અને IPO ભંડોળની પુનઃ ફાળવણી થશે. આનાથી કંપની પાસે "અજ્ઞાત સંપાદનો અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ દ્વારા ઇનઓર્ગેનિક વૃદ્ધિ માટે ભંડોળ પૂરું પાડવું" માટે વધારાનું ભંડોળ બચશે.

૫. નવા હેતુઓ સંબંધિત મુખ્ય જોખમી પરિબળો

નવી હોસ્પિટલો/સુવિધાઓનો વિકાસ અને સંચાલન અમુક જોખમોને આધીન હોઈ શકે છે, જેમાં નીચેનાનો સમાવેશ થાય છે:

૧. બાંધકામમાં વિલંબ અથવા મંજૂરીઓ, પરમિટો અને લાયસન્સ મેળવવામાં વિલંબ અથવા નિષ્ફળતા અથવા આવી મંજૂરીઓની શરતોનું પાલન કરવામાં નિષ્ફળતા;

૨. કોર્પોરેટ અને વહીવટી કાર્યો સાથે સંકલન કરવામાં મુશ્કેલીઓ આવી શકે છે;

૩. સાધનોની ખરીદીમાં અથવા હાલની અને નવી હોસ્પિટલોમાં ડોક્ટરો અને નર્સો સહિતના આરોગ્યસંભાળ વ્યાવસાયિકોની ભરતી અને તેમને ટકાવી રાખવામાં મુશ્કેલીઓ; અને

૪. અણધાર્યા કાનૂની, નિયમનકારી, કરારબદ્ધ, શ્રમ અથવા અન્ય મુદ્દાઓ.

૬. પ્રસ્તાવિત ફેરફાર/બદલાવની વિરુદ્ધમાં મતદાન કરનાર ડિરેક્ટરોના નામ

કંપનીના કોઈપણ ડિરેક્ટરે ફેરફારની દરખાસ્ત કરતા ઠરાવની વિરુદ્ધમાં મતદાન કર્યું નથી.

કોઈપણ રસ ધરાવતી વ્યક્તિ ખાસ ઠરાવની નકલ તેની સ્પષ્ટીકરણ નોંધ સાથે કંપનીની રજિસ્ટર્ડ ઓફિસમાં અથવા તેની કંપની સેક્રેટરી શ્રીમતી વિશાખા ફડકેની ઓફિસે રજિસ્ટર્ડ ઓફિસમાં વિના મૂલ્યે મેળવી શકે છે અથવા તેની નકલ માટે કંપનીની વેબસાઇટ એટલે કે https://www.gujaratsuperspecialityhospital.com/noticeની મુલાકાત લઈ શકે છે.

સહી/-
પ્રજ્ઞેશ ભારપોડા
મેનેજિંગ ડિરેક્ટર
(DIN: 01033141)

તારીખ: ૦૩/૦૬/૨૦૨૬
સ્થળ: વડોદરા

કરોડોના બ્યુટીફિકેશન બાદ પણ રામનાથ તળાવની હાલત બેહાલ: વિકાસના દાવા સામે ઉઠ્યા સવાલો

(પ્રતિનિધિ) વડોદરા, તા.3

વડોદરા સ્માર્ટ સિટીના વિકાસના મોટા-મોટા દાવાઓ વચ્ચે વહીવટી તંત્રની ઘોર બેદરકારી ફરી એકવાર સપાટી પર આવી છે. શહેરના ગાજરાવાડી વિસ્તારમાં આવેલા ઐતિહાસિક રામનાથ તળાવના બ્યુટીફિકેશન અને નવીનીકરણ પાછળ પાલિકા દ્વારા લાખો-કરોડો રૂપિયાનો ધુમાડો કરવામાં આવ્યો હોવા છતાં, તળાવની પરિસ્થિતિ આજે પણ અત્યંત દયનીય અને બેહાલ જોવા મળી રહી છે. કરોડોના ખર્ચ બાદ પણ તળાવ કચરાપેટી સમાન બની રહેતા સ્થાનીય રહિશોમાં તંત્ર અને જવાબદારો સામે ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે.

ઉલ્લેખનીય છે કે, રાવપુરા વિધાનસભાના ધારાસભ્ય અને રાજ્ય સરકારના દંડક બાળુ શુક્લના વિશેષ પ્રયાસોથી આ ઐતિહાસિક તળાવના કાયાકલ્પ માટે નવીનીકરણનું કાર્ય ધામધૂમથી શરૂ કરવામાં આવ્યું હતું. સ્થાનિકોને આશા હતી કે આ પ્રોજેક્ટ બાદ વિસ્તારની સૂરત બદલાશે, પરંતુ કામગીરી પૂર્ણ થયાની જાહેરાત બાદ જે ચિત્ર સામે આવ્યું છે તે આઘાતજનક છે. મોટા પ્રમાણમાં રોડા-છારું, બાંધકામનો કાટમાળ અને પ્લાસ્ટિકના કચરાના ઢગલા યથાવત જોવા મળી રહ્યા છે.

ગુજરાતમાં ફૂટબોલને નવી ઊંચાઈ, 7,363 સક્રિય ખેલાડીઓ મેદાનમાં

(પ્રતિનિધિ) વડોદરા, તા.3

ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિયેશન (જી.એસ.એફ.એ.)ની 48મી વાર્ષિક સાધારણ સભા અમદાવાદ ખાતે યોજાઈ હતી. જી.એસ.એફ.એ.ના અધ્યક્ષ અને રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણીની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં આગામી વર્ષોમાં ગુજરાતમાં ફૂટબોલ અને ફૂટસાલના વધુ વિકાસનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો. જી.એસ.એફ.એ.ના વાર્ષિક અહેવાલ મુજબ રાજ્યમાં કુલ 18,334 ફૂટબોલ ખેલાડીઓ નોંધાયેલા છે, જ્યારે 7,363 ખેલાડીઓ સક્રિય છે. વર્ષ 2025-26 દરમિયાન 4,483 ખેલાડીઓએ વિવિધ ટૂર્નામેન્ટોમાં ભાગ લીધો હતો. ગુજરાતની શુભાંગી સિંઘે AFC U-20માં ભારતીય ટીમનું નેતૃત્વ કર્યું હતું.

મધ્યપ્રદેશથી ૫ કિલો ગાંજો મોકલનારો મુખ્ય સૂત્રધાર રતલામના જંગલમાંથી ઝડપ્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.3

વડોદરા શહેરમાં નશાના કારોબાર અને ગાંજાની હેરાફેરી કરનારા તત્વો સામે પોલીસે લાલ આંખ કરી છે. શહેરમાં ગાંજો સપ્લાય કરનારા નેટવર્કનો પર્દાફાશ કરતા પોલીસે માત્ર પંદર દિવસના ટૂંકા ગાળામાં ત્રીજા મોટા સપ્લાયરને દબોચી લેવામાં સફળતા મેળવી છે. મધ્યપ્રદેશથી વડોદરામાં ગાંજાનો જથ્થો મોકલનારા આ શખ્સને પોલીસે તેના વતનના જંગલ વિસ્તારમાંથી ઝડપી પાડ્યો છે. આ સમગ્ર મામલાની વિગત એવી છે કે, વડોદરા પોલીસે અગાઉ આજવા રોડ વિસ્તારમાંથી રિઝવાન દિવાન નામના એક કેરિયરને શંકાસ્પદ હાલતમાં ઝડપી પાડ્યો હતો.

ગ્લોબલ ડિસ્કવરી એકેડેમી દ્વારા રાષ્ટ્રીય શૈક્ષણિક વિસ્તરણ અને ઈનોવેશન પહેલની જાહેરાત



(પ્રતિનિધિ) વડોદરા, તા.3

ગ્લોબલ ડિસ્કવરી એકેડેમીએ રાષ્ટ્રીય સ્તરે શિક્ષણ ક્ષેત્રે વિસ્તરણ અને ઈનોવેશનને પ્રોત્સાહન આપતી નવી પહેલની જાહેરાત કરી છે. સંસ્થાના મેનેજિંગ ડિરેક્ટર પંકજ બિન્દ્રાના જણાવ્યા અનુસાર, ગ્લોબલ ડિસ્કવરી હવે માત્ર 11 રાજ્યોમાં કાર્યરત સ્કૂલ ચેઈન પૂરતી મર્યાદિત નથી રહી, પરંતુ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP)ના વિઝન સાથે જોડાયેલી એક વ્યાપક શૈક્ષણિક ચળવળ તરીકે વિકસી રહી છે. તેમણે જણાવ્યું કે વડોદરાથી શરૂ થયેલી આ સફર હવે રાષ્ટ્રીય શૈક્ષણિક પ્લેટફોર્મનું સ્વરૂપ ધારણ કરી રહી છે અને તેને દેશભરમાં સકારાત્મક પ્રતિસાદ મળી રહ્યો છે. આજના ભારતને માત્ર વધુ સ્કૂલો નહીં, પરંતુ વધુ ગુણવત્તાયુક્ત શિક્ષણ, સક્ષમ શિક્ષકો અને આધુનિક શૈક્ષણિક વ્યવસ્થાની જરૂરિયાત છે, જેને ધ્યાનમાં રાખીને સંસ્થા કાર્ય કરી રહી છે. પંકજ બિન્દ્રાએ વધુમાં જણાવ્યું કે ગ્લોબલ ડિસ્કવરી એકેડેમી ભવિષ્યલક્ષી શિક્ષણ માટે વિવિધ મહત્વપૂર્ણ આધારસ્તંભો પર કામ કરી રહી છે.

સાયબર છેતરપિંડી: ફેક એપ દ્વારા મહિલાના બેંક ખાતામાંથી રૂ. 2.56 લાખની ઉચાપત

(પ્રતિનિધિ) ભરૂચ, તા.3

ભરૂચ જીલ્લાના અંકલેશ્વર તાલુકામાં આવેલ કોસમડી ગામની અંબેવેલી સોસાયટીમાં રહેતાં ભારતી કિશનબાઈ બોરસે નામનાં મહિલાએ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન FIRમાં વિગતો આપી છે કે, તેઓ 12 મે 2026ના રોજ ઈન્સ્ટાગ્રામ પર રીલ્સ સ્ક્રોલ કરી રહ્યાં હતાં ત્યારે 'ફ્રી મૂવી અને ટીવી સિરીયલ'ની એડ આવી હતી. એડ પર ક્લિક કરતાં એક લિંક ખૂલી હતી અને ત્યાંથી .APK ફાઈલ ડાઉનલોડ કરીને ઈન્સ્ટોલ કરતાં જ 98,000 રૂપિયાનું ટ્રાન્ઝેક્શન થઈ જતાં છેતરપિંડી થયાની આશંકા વ્યક્ત કરી હતી.

વડોદરા સહિત સમગ્ર રાજ્યમા 'વિકસિત ભારત સંકલ્પ સંમેલન'નું આયોજન

(પ્રતિનિધિ) વડોદરા, તા.3

વિકસિત ભારત સંકલ્પને સાકાર કરવા, રાજ્યના વૈવિધ્યસભર સાંસ્કૃતિક વારસાની જાળવણી કરવા, ગુજરાતની ગરિમાથી લોકોને અભિમુખ કરવા તથા લોક કલ્યાણ અને સમુદાયિક ભાગીદારીને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. નાગરિકોની એકતા કાયમ રહે, સામૂહિક વિકાસને પ્રોત્સાહન મળે તથા વિકસિત ભારતના સંકલ્પને વ્યાપક લોકસહભાગિતા પ્રાપ્ત થાય તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. વિકસિત ભારતના સંકલ્પને લોકસહભાગિતા પ્રાપ્ત થાય અને છેવાડાના માનવીને આ સંકલ્પોમાં ભાગીદાર બનાવી શકાય તે માટે વડોદરા જિલ્લા સહિત દરેક જિલ્લામાં 'વિકસિત ભારત સંકલ્પ સંમેલન'નું આયોજન કરવામાં આવ્યું છે.

વડોદરા મહાનગરપાલિકા
જમીન મિલકત શાખા(કોમર્શિયલ)

જાહેર નોટીસ

આથી વડોદરા મહાનગરપાલિકા હદ વિસ્તારમાં ધંધો/રોજગાર કરતા તમામ સ્ટ્રીટ વેન્ડર્સને જણાવવાનુ કે, સ્ટ્રીટ વેંડીંગ એક્ટ-૨૦૧૪ ના પ્રકરણ-૦૩ ના નિયમ-૧૪ મુજબ મહાનગર પાલિકા જે તે નક્કી કરેલ વિસ્તારમા ટાઇમ શેરીંગ મુજબ ધંધો કરવા ફરમાવી શકે છે. તે મુજબ હવેથી ટ્રાફિક તેમજ સફાઇનુ ધોરણ જળવાઇ રહે તે હેતુથી તમામ સ્ટ્રીટ વેંડર્સ હાલમાં જે જગ્યા પર લારી/ગલ્લા/પથારા ધરાવે છે એ જ જગ્યા પર તમામ સ્ટ્રીટ વેંડર્સ માટે વેન્ડીંગનો સમય સાંજના ૦૭.૦૦ વાગ્યાથી રાતના ૧૧.૦૦ વાગ્યા સુધી રાખવા ફરમાવવામાં આવે છે. રાત્રીના ૧૧.૦૦ વાગ્યા પછી તમામ વેંડર્સે તમામ લારી/ગલ્લા/પથારા સ્થળ પરથી દૂર કરી જગ્યા ખુલ્લી કરવાની રહેશે. અન્યથા લારી/ગલ્લા/પથારા જપ્ત કરી નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

આ ઉપરાંત ટ્રાફિક તેમજ સફાઇનુ ધોરણ જળવાઇ રહે તે હેતુથી પ્રાથમીક રીતે નક્કી કરેલા શહેરના ૧૪ મુખ્ય રસ્તાઓ પર (૧)એરપોર્ટ થી અક્ષરચોક (૨) ચકલી સર્કલ થી ગોત્રી તળાવ થી કેનાલ (સેવાસી પો.સ્ટે.) (૩) યોગ સર્કલ (હેવમોર) થી અકોટા દાંડીયા બજાર બ્રીજ થી શની મંદીર ચાર રસ્તા (૪) સરદાર એસ્ટેટ ચાર રસ્તા થી આજવા ચોકડી (કાન્હા સીટી) (૫) એરપોર્ટ સર્કલ થી ગોલ્ડન ચોકડી (૬) વૃંદાવન ચોકડી થી વાઘોડીયા હાઈવે(બાપોદ) (૭) સોમાતળાવ થી કપુરાઈ ચોકડી (૮) નરહરી સર્કલ થી કાલાઘોડા જેલ રોડથી ખંડેરાવ માર્કેટ (૯) સુસેન ચાર રસ્તાથી જાંબુવા હાઇવે (૧૦) સુસેન ચાર રસ્તાથી શ્રેયસ સ્કુલ (૧૧) યોગ સર્કલ થી કેનાલ ચાર રસ્તા (પ્રિયા ટોકિઝ) (૧૨) ડીલક્ષ સોસાયટી ચાર રસ્તા- મહેસાણા નગર સોસાયટી - નવરચના સ્કુલ-નાનુભાઈ ટાવર-જીઆઈપીસીએલ સર્કલ-મંગલ પાંડે રોડ- રાત્રીબજાર એલ & ટી સર્કલ (૧૩) કોઠી ચાર રસ્તાથી જ્યુબીલી બાગ સર્કલ તેમજ સુરસાગર આસપાસનો વિસ્તાર (૧૪) ખોડીયાર નગર ચાર રસ્તા થી સુપર બેકરી ન્યુ વી.આઇ.પી રોડ થી સરદાર એસ્ટેટ ચાર રસ્તા ઉપર કાયમી ધોરણે સ્ટ્રીટ વેંડીંગ પ્રવુતી કરી શકાશે નહીં જેની તમામ સબંધ કર્તા ઓએ નોંધ લેવી.

પી.આર.ઓ.ક્રમાંક: ૧૪૧/૨૬-૨૭ **મ્યુનિસિપલ કમિશનર**

ગુજરાત કિડની એન્ડ સુપરસ્પેશિયાલિટી લિમિટેડ

(અગાઉ ગુજરાત કિડની એન્ડ સુપરસ્પેશિયાલિટી પ્રાઇવેટ લિમિટેડ તરીકે ઓળખાતી / તે પહેલાં વિહાન મેડીકેર પ્રાઇવેટ લિમિટેડ તરીકે ઓળખાતી)

(CIN: L85300GJ2019PLC111559)

રજિસ્ટર્ડ ઓફિસ: પ્લોટ નં. ૧, સિટી સર્વે નં. ૧૫૩૭/એ, ગોકાક મિલ કમ્પાઉન્ડ, જેતલપુર રોડ, અલકાપુરી, વડોદરા - ૩૯૦૦૨૦, ગુજરાત, ભારત. ફોન: ૨૬૫-૨૯૮૧૪ ૮૦૦ / +૯૧ ૯૬૮૭૦૭૯૯૯૧ ઇમેઇલ: info@gujaratsuperspecialityhospital.com / www.gujaratsuperspecialityhospital.com

પોસ્ટલ બેલેટની નોટિસ

આથી નોટિસ આપવામાં આવે છે કે, કંપનીઝ એક્ટ, ૨૦૧૩ ("એક્ટ")ની કલમ ૧૦૮ અને ૧૧૦, કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) રૂલ્સ, ૨૦૧૪ ("રૂલ્સ")ના નિયમ ૨૦ અને ૨૨ તથા એક્ટ અને રૂલ્સની અન્ય લાગુ પડતી જોગવાઈઓ, મિનિસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સ ("MCA સર્ક્યુલર્સ") દ્વારા બહાર પાડવામાં આવેલા તારીખ ૮ એપ્રિલ, ૨૦૨૦ના જનરલ સર્ક્યુલર નં. ૧૪/૨૦૨૦ અને તારીખ ૧૩ એપ્રિલ, ૨૦૨૦ના ૧૭/૨૦૨૦ સાથે વંચાણમાં લેવાતા અન્ય સંબંધિત સર્ક્યુલર્સ, જેમાં તારીખ ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૪ના જનરલ સર્ક્યુલર નં. ૦૯/૨૦૨૪ અને તારીખ ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ના ૦૩/૨૦૨૫નો સમાવેશ થાય છે અને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા ("SEBI") દ્વારા સમયાંતરે બહાર પાડવામાં આવેલા સર્ક્યુલર્સ ("SEBI સર્ક્યુલર્સ") તેમજ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ("SEBI લિસ્ટિંગ રેગ્યુલેશન્સ")ના રેગ્યુલેશન ૪૪, ઇન્સ્ટિટ્યૂટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઇન્ડિયા દ્વારા સામાન્ય સભાઓ અંગે બહાર પાડવામાં આવેલા સેક્રેટરીયલ સ્ટાન્ડર્ડ ("SS-2") અને અન્ય લાગુ પડતા કાયદાઓ, નિયમો અને વિનિયમો (તેમાં સમય-સમય પર કરવામાં આવેલા કોઈપણ વૈધાનિક સુધારા(ઓ) અથવા પુનઃઅમલીકરણ(ઓ) સહિત)ને અનુસરીને, ગુજરાત કિડની એન્ડ સુપરસ્પેશિયાલિટી લિમિટેડ ("કંપની") રિમોટ ઇલેક્ટ્રોનિક વોટિંગ ("ઈ-વોટિંગ") ના માધ્યમથી તારીખ ૨૮.૦૫.૨૬ના રોજની પોસ્ટલ બેલેટ નોટિસ ("નોટિસ") માં દર્શાવ્યા મુજબના નીચેના ઠરાવને પસાર કરવા માટે તેના સભ્યોની મંજૂરી મેળવવા ઈચ્છે છે:

સ્પેશિયલ બિઝનેસ:

(૧) ઇનિશિયલ પબ્લિક ઓફરિંગ ("IPO") ની ઉપજ/ભંડોળના ઉપયોગના ઉદ્દેશ્યો / શરતોમાં ફેરફાર કરવા બાબત.

૧. ઉપરોક્ત દર્શાવેલ જોગવાઈઓ અને MCA સર્ક્યુલર્સના પાલનમાં, નોટિસ, પોસ્ટલ બેલેટ ફોર્મ્સ અને પ્રી-પેઇડ બિઝનેસ પરબિડીયાઓની ફિઝિકલ નકલો મોકલવાની આવશ્યકતામાંથી મુક્તિ આપવામાં આવી છે અને તેથી, આ નોટિસ માત્ર ઇલેક્ટ્રોનિક માધ્યમથી જ મોકલવામાં આવી છે. વધુમાં, આ નોટિસ બુધવાર, ૦૩.૦૬.૨૦૨૬ના રોજ તેવા સભ્યોને મોકલવામાં આવી છે જેમના ઇમેઇલ એડ્રેસ કંપની/ ડિપોઝિટરી અથવા R&T એજન્ટ પાસે નોંધાયેલા હતા અને જેમના નામ કટ-ઓફ તારીખ એટલે કે શુક્રવાર, ૨૯. ૦૫.૨૦૨૬ના રોજ સભ્યોના રજિસ્ટર/બેનિફિશિયલ ઓનર્સના રેકોર્ડમાં નોંધાયેલા હતા.

૨. ઉપરોક્ત જોગવાઈઓ અનુસાર, શેરધારકોને નોટિસમાં દર્શાવેલા ઠરાવ પર MUFG ઇનટાઇમ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ ("MUFG") દ્વારા પૂરી પાડવામાં આવતી ઈ-વોટિંગ સેવાઓ દ્વારા ઇલેક્ટ્રોનિક પદ્ધતિથી પોતાનો મત આપવાની સુવિધા આપવામાં આવી છે. ઈ-વોટિંગની સૂચનાઓ સાથેની આ નોટિસ કંપનીની વેબસાઇટ www.gujaratsuperspecialityhospital.com પર, સ્ટોક એક્સચેન્જોની વેબસાઇટ્સ www.bseindia.com અને www.nseindia.com પર તેમજ MUFG ની વેબસાઇટ પર ઉપલબ્ધ છે. જે વ્યક્તિ કટ-ઓફ તારીખના રોજ શેરધારક ન હોય, તેણે આ પોસ્ટલ બેલેટ નોટિસને માત્ર માહિતીના હેતુ માટે જ ગણવાની રહેશે. રિમોટ ઈ-વોટિંગ પ્રક્રિયા સંબંધિત મહત્વની તારીખોનો સારાંશ નીચે મુજબ છે:

રિમોટ ઈ-વોટિંગ માટેની કટ-ઓફ તારીખ	શુક્રવાર, ૨૯.૦૫.૨૦૨૬
રિમોટ ઈ-વોટિંગની શરૂઆત	શુક્રવાર, ૦૫.૦૬.૨૦૨૬
રિમોટ ઈ-વોટિંગનો અંત	શનિવાર, ૦૪.૦૭.૨૦૨૬
રિમોટ ઈ-વોટિંગનું પરિણામ	૦૭.૦૭.૨૦૨૬ના રોજ અથવા તે પહેલાં
રિમોટ ઈ-વોટિંગ માટેનો ઇવેન્ટ નંબર	260286

૩. કૃપા કરીને નોંધ લેશો કે શનિવાર, ૦૪.૦૭.૨૦૨૬ના રોજ સાંજે ૦૫:૦૦ વાગ્યા (1ST) પછી MUFG દ્વારા રિમોટ ઈ-વોટિંગ મોડ્યુલ નિષ્ક્રિય (ડિસેબલ) કરી દેવામાં આવશે. ઉક્ત તારીખ અને સમય બાદ રિમોટ ઈ-વોટિંગની મંજૂરી આપવામાં આવશે નહીં.

૪. શેરધારકો માટે રિમોટ ઈ-વોટિંગની પદ્ધતિ નોટિસમાં દર્શાવવામાં આવી છે, જે કંપનીની વેબસાઇટ www.gujaratsuperspecialityhospital.com પર, સ્ટોક એક્સચેન્જોની વેબસાઇટ્સ www.bseindia.com અને www.nseindia.com પર તેમજ MUFGની વેબસાઇટ પર ઉપલબ્ધ છે.

૫. MUFG ઈ-વોટિંગ સિસ્ટમ પરથી ઈ-વોટિંગ સંબંધિત કોઈ પ્રશ્નો કે સમસ્યાઓ હોય તો, સભ્યો https://instavote.linkintime.co.in પર "Help" સેક્શન હેઠળ શેરધારકો માટેના વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQ) અને ઈ-વોટિંગ જોઈ શકે છે અથવા enotices@in.mpms.mufg.com પર ઇમેઇલ કરી શકે છે અથવા +૯૧ ૨૨ ૪૯૧૮ ૬૦૦૦ પર સંપર્ક કરી શકે છે.

૬. ફિઝિકલ સ્વરૂપે શેર ધરાવતા શેરધારકોને પોસ્ટલ બેલેટની નોટિસનો સંદર્ભ લેવા વિનંતી છે.

૭. ડીમટીરિયલાઈઝડ મોડમાં શેર ધરાવતા શેરધારકોને પણ વિનંતી છે કે તેઓ તેમના સંબંધિત ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ્સ (DPs) પાસે ઇમેઇલ આઈડી સહિતની તેમની KYC વિગતો અપડેટ/ નોંધણી કરાવે.

૮. કંપનીએ ઈ-વોટિંગ પ્રક્રિયા દ્વારા પોસ્ટલ બેલેટની કામગીરી નિષ્પક્ષ અને પારદર્શક રીતે ચલાવવા માટે સ્ક્રૂટીનાઇઝર તરીકે મેસર્સ સ્પાન્જ એન્ડ એસોસિએટ્સ, પ્રેક્ટિસિંગ કંપની સેક્રેટરીની નિમણૂક કરી છે.

૯. પોસ્ટલ બેલેટનું પરિણામ મંગળવાર, ૦૭.૦૭.૨૦૨૬ના રોજ અથવા તે પહેલાં જાહેર કરવામાં આવશે. આ પરિણામો, સ્ક્રૂટીનાઇઝરના અહેવાલ સાથે, કંપનીની વેબસાઇટ www.gujaratsuperspecialityhospital.com પર, સ્ટોક એક્સચેન્જોની વેબસાઇટ્સ www.bseindia.com અને www.nseindia.com પર તેમજ MUFG ની વેબસાઇટ પર પ્રદર્શિત કરવામાં આવશે.

ગુજરાત કિડની એન્ડ સુપરસ્પેશિયાલિટી લિમિટેડ વતી

સહી/-
પ્રજ્ઞેશ ભારપોડા
મેનેજિંગ ડિરેક્ટર
DIN: 01033141

સ્થળ: વડોદરા
તારીખ: ૦૩.૦૬.૨૦૨૬

ઇંડિયન બૈંક Indian Bank इलाहाबाद ALLAHABAD

ઝોનલ ઓફિસ સુરત : ૧૦૧-૧૦૨, ત્રીજો માળ, વેસ્ટ ફિલ્ડ સ્કેવર, સુરત-૩૯૫૦૦૭

ઈ-હરાજી વેચાણ નોટિસ સ્થાવર મિલકતોના વેચાણ માટે (જુઓ પ્રોવિસો નિયમ ૮(૬)) એનેક્ષર-II

Bank Website | E-Auction Website

ધી સીકયુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્શીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ,૨૦૦૨, જેને સીકયોરીટી ઈન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના નિયમ ૮(૬) ની જોગવાઈ સહિત વંચાણે લેતા નીચે જણાવેલ સ્થાવર મિલકતોના વેચાણ માટેની ઈ-હરાજી.
આથી જાહેર જનતા ને સાધારણ રીતે અને નીચે જણાવેલ કરજદાર(રો) અને જામીનદાર(રો) ને વિશેષ રીતે જણાવવાનું કે નીચે મુજબની સ્થાવર મિલકતો ઈંડિયન બેંક પાસે ગિરવે રાખેલ / ચાર્જ કરેલ છે. જે સ્થાવર મિલકતોનો સાંકેતિક /પ્રત્યક્ષ કબજો ઈંડિયન બેંક ના અધિકૃત અધિકારી દ્વારા લઈ લેવામાં આવેલ છે. સિકયોર્ડ કેડિટર દ્વારા જે તમામ ને ''જેમ છે જયાં છે અને જેવી છે તેવી છે'' ના ધોરણે તારીખ 08/07/2026 ના રોજ નીચે જણાવેલ ખાતાઓ પાસે લેવાની રકમની વસૂલાત માટે વેચાણ કરવામાં આવશે. કરજદારો/જામીનદારો/મિલકતો/અનામત કિમંત/ઈએમડી અને ઈ-ઓકશનની તારીખની વિગતો નીચે મુજબ છે.

ક્રમ નં.	શાખા	કરજદાર/જામીનદારો/મોર્ગેજરોના નામ	કુલ બાકી	ડિમાન્ડ નોટીસની તારીખ	સાંકેતિક / પ્રત્યક્ષ કબજા હેઠળની સ્થાવર મિલકતનું ચતુઃ દિશા સહિતનું વર્ણન તેમજ અન્ય બોજા ની વિગત, જો કોઈ હોય તો.	કબજાનો પ્રકાર	અનામત કિમંત / ઈએમડી (In Rs.)	મિલકતનો ID નંબર.	અધિકૃત અધિકારીનું નામ અને મો.નં.
૧.	સયાજીગંજ, વડોદરા	(૧) શ્રી દિપક ડી. ખાનાની(કરજદાર), (૨) શ્રીમતિ સુશીલા ડી. ખાનાની (કરજદાર અને મોર્ગેજર), (3) કુમારી નિકીતા ડી. ખાનાની (કરજદાર અને મોર્ગેજર), (૪) શ્રી ધર્મા ગગુમલ ખાનાની (જામીનદાર)	રૂ.૩૨,૦૬,૭૭૩.૫૮ તા.૨૦/૦૫/૨૦૨૬ ના રોજની બાકી	૧૨/૦૨/૨૦૨૬	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી રહેણાંક મિલકત ઘર-ફ્લેટ નં. ૨૦૧, ''રાજેશ્વર ગોલ્ડ'', બીજો માળ, બ્લોક નં. સી-૩, ફ્લેટનો વિસ્તાર માપ ૧૭૮૦ ચો.મીટર્સ,અને સુપર બિલ્ટઅપ વિસ્તારનુ માપ ૧૬૫.૪૨ ચો.મીટર્સ, જે સ્થિત જમીનનો રેવન્યુ સર્વે નં. ૧૦૬૫ જેના વિસ્તારનું માપ ૪૦૪૭ ચો.મીટર્સ, અને રેવન્યુ સર્વે નં. ૧૦૬૭ જેના વિસ્તારનું માપ ૩૬૪૨ ચો.મીટર્સ, અને રેવન્યુ સર્વે નં.૧૦૬૯ જેના વિસ્તારનું માપ ૬૨૭૩ ચો.મીટર્સ, કુલ વિસ્તારનું માપ ૧૩૯૬૨ ચો.મીટર્સ, રજીસ્ટ્રેશન સબ -જિલ્લો વડોદરા-૫, બાપોદ, ગામ: હરણી, વડોદરાથી થયેલ. જે શ્રીમતિ સુશીલા ડી. ખાનાની અને કુમારી નિકીતા ડી. ખાનાની ના નામની મિલકત. ચર્તુદિશા: ઉત્તરે: ખુલ્લી જગ્યા, દક્ષિણે: ફ્લેટ નં. ૨૦૪, પૂર્વે: ફ્લેટ નં. ૨૦૨, પશ્ચિમે: ખુલ્લી જગ્યા.	પ્રત્યક્ષ	45,00,000/- / 4,50,000/-	IDIB30165262603	Mr. Tikendra Verma (M) 9131718982

બીડ વધારવાની કિમંત: રૂ.૧૦,૦૦૦/- | **ઈચ્છુક બિડરો/ખરીદારોએ ઈએમડીની રકમ પોર્ટલના તેમના ગ્લોબલ ઈએમડી વોલેટમાં તા.૦૮/૦૭/૨૦૨૬ સુધીમાં ટ્રાન્સફર કરવાના રહેશે, એટલે કે, ઈ-ઓકશન તારીખ અને સમય પહેલા.**

મિલકત નિરીક્ષણની તારીખ અને સમય : ૨૨/૦૫/૨૦૨૬ થી ૦૭/૦૭/૨૦૨૬ ના રોજ સવારે ૧૦.૦૦ થી સાંજે ૪.૦૦ કલાક દરમ્યાન ઈ-ઓકશનની તારીખ અને સમય : ૦૮/૦૭/૨૦૨૬ સવારે ૧૦.૦૦ થી બપોરે ૫.૦૦ (દરેક માટે ૧૦ મિનીટસના અનલિમીટેડ વિસ્તરણ સાથે)

Bidders are advised to visit the website (https://baanknet.com) of our e auction service provider PSB Alliance Pvt. Ltd to participate in online bid. For Technical Assistance Please call PSB Alliance Pvt. Ltd Helpdesk No. 8291220220, email ID:- support.baanknet@psballiance.com and other help line numbers available inservice providers help desk. For Registration status with PSB Alliance Pvt.Ltd. and EMD status, please contact support.baanknet@psballiance.com. For property details and photograph of the property and auction terms andconditions please visit: https://baanknet.com and for clarifications related to this portal, please contact Helpdesk No.8291220220 Bidders are advised to use Property ID Number mentioned above while searching for the property in the website with https://baanknet.com.

તારીખ: ૦૩/૦૬/૨૦૨૬,
સ્થળ: સુરત.

સરફેસી એકટ, ૨૦૦૨ હેઠળ દેણદારો/ ગિરવેદારોને ૩૦ દિવસની વેચાણ નોટિસ
(વેચાણ નોટીસના અંગ્રેજી ભાષા કરતા જો અન્ય ભાષામાં હોય તો, કોઈપણ કાયદાકીય ગૂચવણ હેતુ, અંગ્રેજી ભાષાની નોટીસ જ માન્ય રહેશે)

અધિકૃત અધિકારી,
ઈંડિયન બેંક.